શ્રી ભારતીય વિદ્યામંડળ

રામકબીર શૈક્ષણિક સંકુલ, કામરેજ ચારરસ્તા. તા. કામરેજ, જિ.સુરત-૩૯૪૧૮૫

# જાહેરાત

સંસ્થા સંચાલિત ગ્રાન્ટ-ઇન-એઇડ શ્રી જે.એસ.ભક્ત, શ્રી કે.એમ.ભક્ત આર્ટ્સ, શ્રી એ.એન.શાહ સાયન્સ અને શ્રી એન.એફ.શાહ કોમર્સ કોલેજ ને ઉ.શિ.કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા મળેલ NOC સંદર્ભમાં નીચે આપેલ જગ્યા કેટેગરી મુજબ પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૦૨ | ૧- અનુ.જન.જાતિ (એસ.ટી) (ભૌતિક શાસ્ત્ર વિભાગ) |
| | | | ૧- સા.શૈ.પ.વર્ગ (બક્ષીપંચ) (રસાયણ શાસ્ત્ર વિભાગ) |

ભરતી અંગે નિયત લાયકાત ઉંમર અને અન્ય બાબતોની વિગતવાર માહિતી વેબસાઈટ **http://bharatiyavidyamandal.org** પર જણાવવામાં આવેલ છે. જે અનુસાર યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ વેબસાઈટ પરથી માહિતી મેળવી નિયત નમુનામાં જ અરજીઓ કરવી તેમજ યોગ્યતાના આધારોની સ્વયં પ્રમાણિત નકલો સાથે મંડળના નીચે આપેલ સરનામે ફક્ત રજી.પો.એ.ડી. દ્વારા દિન-૧૦ મા રજુ કરવા જણાવવામાં આવે છે. અધુરી વિગતોવાળી કે આધારો વિનાની અરજીઓ અમાન્ય ગણવામાં આવશે.

નોંધ **:-** ૦૫/૦૭/૨૦૨૩ના રોજ આપેલ જાહેરાતમાં આ જગ્યા માટે કરેલ અરજીને આ જાહેરાતમાં અગાઉના અરજી કરેલ તમામ ઉમેદવારોને સમાવી લેવામાં આવશે.

પ્રમુખશ્રી

શ્રી ભારતીય વિદ્યામંડળ,

રામકબીર શૈક્ષણિક સંકુલ, કા.ચા.રસ્તા, તા.કામરેજ, જિ.સુરત-૩૯૪૧૮૫.

## ૨. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા:

- A Bachelor's degree in Respective subject obtained from any of the Universities established or incorporated by or under the central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956
- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર :- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – ૧૦ અથવા ધોરણ – ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર ના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો સ્વપ્રમાણિત કરી અરજી સાથે અચુક સામેલ કરવાના રહેશે તેમજ જરૂર પડયે અસલમાં રજુ કરવાના રહેશે.
- ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી/સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે સંચાલક મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.
- આ જાહેરાતના હેતુ માટે મહત્તમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ છે. (અનામત કેટેગરીમાં નિયમ મુજબ છૂટ છાટ રહેશે.)
- ઉમેદવાર અગર કોઈ સંસ્થા/કચેરીમાં હાલમાં ફરજ બજાવતા હોય, તો તેઓએ અરજી સાથે NOC ની પ્રમાણિત નકલ સામેલ કરવી. તેમ કરવામાં જો નિષ્ફળ જશે તો અરજી "રદ" ગણાશે.

**<u>શૈક્ષણિક લાયકાત/વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ::</u>**

- જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં નિયત શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરી વધારાની લાયકાત/અનુભવ માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિને ધ્યાને લેવામાં આવશે.

**<u>વયમર્યાદા માટે નિર્ધારીત તારીખ ::</u>**

- જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકરવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**<u>વયમર્યાદા માટે છુટછાટ::</u>**

- મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો તથા તમામ મહિલા, ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

**<u>અનુ. જન. જાતિ અને સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ</u>**

- મૂળ ગુજરાતના અનુ. જન. જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.
- અનુ. જન. જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.
- અનામતવર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા અરજી સાથે સામેલ કરવાનું રહેશે અને તેમ કરવામાં ઉમેદવાર જો નિષ્ફળ જશે તો ઉમેદવારી "<u>રદ</u>" થવાને પાત્ર થશે.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC કેટેગરી) ના ઉમેદવારોએ નોન-ક્રીમિલેયર સર્ટીફીકેટની મહત્તમ અવધિ ઈશ્યૂ થયા વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે. આ પ્રમાણપત્ર તા. ૦૧/૦૪/૨૦૨૧ થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ દરમ્યાન મેળવેલ હોવું જોઈશે.
- એન.ઓ.સી. ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. ૨૭/૦૬/૨૦૨૩ થી મળેલ એન.ઓ.સી. ની તમામ શરતો બંધન કરતા રહેશે.
- અધુરાશોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ “રદ” ગણાશે.

**પરીક્ષા પધ્ધિત**

- તબક્કો – ૧ – લેખિત પરીક્ષા 2 – Hours

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | સામાન્યજ્ઞાન – ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ , પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોતિઓ વિગરે | ૩૦ |
| 2 | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ |
| 3. | અગ્રેજી વ્યાકરણ | ૧૦ |
| 4. | જગ્યાની શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષયનું પેપર | ૯૦ |
| | Total | ૧૫૦ |

- પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
- દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.

- ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કિંગ લાગુ પડશે.
- પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસદં નહીં કરવામાં આવે તો, નેગેટીવ માર્કિંગ લાગું પડશે નહીં
- લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગાના અંદાજે મરીટના ધોરણે કેટેગરીવાર ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.
- પરીક્ષા નિયમોની જોગવાઇ મજુબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણ ના ૪૦ % ગુણ રહશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારો પૈકી કુલ ખાલી જગાઓની સંખ્યાના કેટેગરીવાર ૩ (ત્રણ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.
- તબક્કો – ૨ – Computer Proficiency Test 1-15 – Hour

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | એક્સેલ સ્પ્રેડશીટ | ૧૫ |
| 2 | ઈ-મેઈલ કરવા (વીથ ફાઈલ એટેચમેન્ટ) | ૧૫ |
| 3. | પાવર પોઈન્ટ | ૧૫ |
| 4. | વર્ડ ટાઈપીંગ/વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ |
| | Total | ૭૫ |

- ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ - એમ બંને કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણ ના મેરીટસના આધારે કેટેગરી વાઇઝ ભરવાની થતી જગાની વિગતો ધ્યાને લઇ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.
- ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવરોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.

પ્રમુખશ્રી

તા. ૩૧ / ૦૧ /૨૦૨૪

શ્રી ભારતીય વિદ્યામંડળ,

કામરેજ ચાર રસ્તા